# સંગીત

# 16 પારિભાષિક શબ્દો

સંગીતકળામાં ગાયન અને વાદનશૈલીની પાયાની મૂળભૂત સમજ માટે નિયમ અનુસાર નીચે મુજબના પારિભાષિક શબ્દોની સમજ આ પ્રકરણમાં આપવામાં આવી છે :

**1. સંગીત :** ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણેય કળાના સમન્વયને સંગીત કહે છે.

**2. સ્વર :** જે અવાજની કંપન સંખ્યા નિયમિત હોય અને સાંભળવામાં કર્ણપ્રિય હોય એવા સંગીત ઉપયોગી અવાજને સ્વર કહે છે. એવા મુખ્ય સાત સ્વર છે : સા, રે, ગ, મ, પ, ધ, નિ.

| **સ્વર** | | **નામ** |
|---|---|---|
| સા | - | ષડ્જ |
| રે | - | રિષભ |
| ગ | - | ગાંધાર |
| મ | - | મધ્યમ |
| પ | - | પંચમ |
| ધ | - | ધૈવત |
| નિ | - | નિષાદ |

**3. અલંકાર :** સ્વરોના સમૂહને ક્રમબદ્ધ, તાલબદ્ધ અને નિયમિત રીતે ચઢતા-ઊતરતા ક્રમમાં ગાવા-વગાડવાની ક્રિયાને અલંકાર કહેવાય છે. દા.ત. સારેગ, રેગમ....

**4. આરોહ :** સંગીતના સ્વરોને ચડતા ક્રમમાં ગાવા કે વગાડવાની ક્રિયાને આરોહ કહેવાય છે.

દા.ત. સા રે ગ મ પ ધ નિ સાં

**5. અવરોહ :** સંગીતના સ્વરોને ઊતરતા ક્રમમાં ગાવા કે વગાડવાની ક્રિયાને અવરોહ કહેવાય છે.

દા.ત. સાં ની ધ પ મ ગ રે સા

**6. સપ્તક :** સાત સ્વરોના સમૂહને સપ્તક કહેવાય છે. આવા ત્રણ સપ્તક છે : (1) મંદ્ર સપ્તક (2) મધ્ય સપ્તક અને (3) તાર સપ્તક.

**7. તાલ :** સંગીતમાં સમય માપવાના સાધનને તાલ કહે છે.

**8. લય :** તાલની ગતિને લય કહે છે.

**9. સમ :** તાલની પહેલી માત્રાને સમ કહેવાય છે. તેનું ચિહ્ન '×' (ચોકડી) છે.

**10. તાલી :** તાલમાં જે માત્રા ઉપર હાથથી તાલ અપાય તેને તાલી કહે છે.

**11. ખાલી :** તાલમાં જે માત્રા ઉપર હાથ ફેંકી ઈશારો બતાવાય તેને ખાલી કહે છે. તેનું ચિહ્ન '0' (શૂન્ય) છે.

**12. માત્રા :** સંગીતમાં સમય માપવાના એક પ્રમાણને માત્રા કહે છે.

**13. ખંડ :** તાલના ભાગને ખંડ કહે છે.

**14. પકડ :** ઓછામાં ઓછા સ્વરોથી રાગનું સ્વરૂપ બતાવતાં સ્વરસમૂહને પકડ કહે છે.

**15. લક્ષણગીત :** રાગ-માહિતીનો પરિચય આપતાં તાલબદ્ધ ગીતને લક્ષણગીત કહે છે.

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના સાચા વિકલ્પ પરના કૌંસ પર '✓' નિશાની કરો.**

(1) સ્વરોનો ચડતો ક્રમ કોને કહેશો ?

(A) આલાપ (B) આરોહ (C) અવરોહ (D) સ્વર

(2) સંગીતમાં સમય માપવાના સાધનને શું કહે છે ?

(A) તાલ (B) લય (C) તાલી (D) ખંડ

(3) તાલની પહેલી માત્રાને શું કહે છે ?

(A) છેલ્લી (B) તાલી (C) સમ (D) ખાલી

(4) તાલની ગતિને શું કહે છે ?

(A) તાલ (B) માત્રા (C) ખંડ (D) લય

(5) સંગીતમાં મુખ્ય સ્વરો કેટલા છે ?

(A) 7 (B) 6 (C) 5 (D) 4

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) સાત સ્વરોના સમૂહને ...... કહે છે.

(2) સ્વરોના ઊતરતા ક્રમને ...... કહેવાય છે.

(3) 'મ' સ્વરનું નામ ...... છે.

(4) ગાયન, ...... અને ...... ના સમન્વયને સંગીત કહે છે.

(5) ખાલીનું ચિહ્ન ...... છે.

## જાણવા જેવું

**સંગીત સાંભળવા માટે કાન**



આપણી આસપાસ ઘણી જાતના અવાજો થતા જ રહે છે. પૃથ્વીનું વાતાવરણ જાત-જાતના અવાજસભર છે. આપણે ન જોવું હોય ત્યારે આંખો બંધ કરી શકીએ પણ કાન આ અવાજ કેવી રીતે સાંભળે છે તે જાણો છો ? અવાજ તરંગો દ્વારા વાતાવરણમાં ફેલાય છે. આપણા કાનની બાહ્ય રચના અવાજને કેન્દ્રિત કરીને ગ્રહણ કરે છે. અવાજનાં મોજાં કાનમાં પ્રવેશીને મધ્યકર્ણમાં જાય છે. મધ્યકર્ણ એટલે કાનનો વચ્ચેનો ભાગ કે જે ગળાની ઉપરના ભાગે ખોપરી નીચે હોય છે. મધ્યકર્ણના છેડે પાતળી ચામડી જેવો પડદો હોય છે. આ પડદો અવાજના તરંગોથી ધ્રૂજે છે એટલે અવાજ ધ્રુજારીના તરંગો થઈ આગળ વધે છે. અવાજના આ તરંગો અંતઃકર્ણમાં પહોંચે છે. અંતઃકર્ણમાં ખૂબ જ નાજુક અને નાનકડાં ત્રણ હાડકાં હોય છે. એરણ, હથોડી અને પેગડા આકારનાં આ હાડકાં અવાજના તરંગોથી ધ્રૂજે છે અને તેની સાથે જોડાયેલા જ્ઞાનતંતુઓ અવાજને ઓળખીને મગજમાં મોકલે છે. માટે સંગીત શીખતાં બાળકોએ પોતાના કાનની કાળજી રાખવી અત્યંત જરૂરી છે.